# Meeting between External Affairs Minister and Vice President and Minister of Foreign Affairs of Colombia

October 02, 2021

# ભારતીય વિદેશમંત્રી અને કોલંબિયાના વાઈસ-પ્રેસિડન્ટ અને વિદેશમંત્રી વચ્ચેની મુલાકાત

ઓક્ટોબર 02, 2021

વિદેશમંત્રી એસ. જયશંકરે કોલમ્બિયાના ઉપરાષ્ટ્રપતિ અને વિદેશ મંત્રી મહામહિમ માર્ટા લુસિયા રામિરેઝ 2 ઓક્ટોબરે દ્વિપક્ષીય વાતચીત કરી હતી. રામિરેઝ 1થી 3 ઓક્ટોબર દરમિયાન 48 સભ્યોના આરોગ્ય અને સાયન્સ અને ટેક્નોલોજીના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી ભારત આવ્યા છે. તેમની સાથે આરોગ્ય અને સામાજિક સુરક્ષા મંત્રી ડૉ. લુઈઝ ફર્નાન્ડો રુઇઝ, આરોગ્ય અને સામાજિક રક્ષણ મંત્રી, સરકારી અધિકારીઓ, બિઝનેસ અને શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ આવ્યા છે. અગાઉ વિદેશમંત્રીએ 25 સપ્ટેમ્બર 2021ના રોજ યુએનજીએ-76ની સાઈડલાઈન્સ દરમિયાન રામિરેઝ સાથે મુલાકાત કરી હતી.

2. નેતાઓએ આરોગ્ય, ફાર્માસ્યુટિકલ્સ, બાયોટેક્નોલોજી અને સ્પેસ જેવા ક્ષેત્રોને આવરી લેતા વ્યાપક સંવાદ કર્યો. બેઠક દરમિયાન પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. EAMએ યુએન સુધારાઓના સંદર્ભમાં ભારતની પ્રાથમિકતાઓને રેખાંકિત કરી હતી. બંને પક્ષના આગેવાનો બહુપક્ષીય મંચોમાં સહકારને મજબૂત કરવા સંમત થયા હતા.

3. ભારત અને કોલંબિયા વચ્ચે દ્વિપક્ષીય વેપારમાં સતત વૃદ્ધિ થઈ છે, 2020-21માં કોવિડ -19 રોગચાળાને કારણે વિક્ષેપ પેદા થયા હોવા છતાં 2.27 અબજ ડોલરનો વેપાર થયો હતો. બંને પક્ષો ઉર્જા, આઈટી, ફાર્માસ્યુટિકલ્સ અને ઓટોમોબાઈલ ક્ષેત્રોમાં વેપાર અને રોકાણને વધુ પ્રોત્સાહન આપવા માટે સાથે મળીને કામ કરવા સંમત થયા હતા.

4. બંને નેતાઓએ બાયોટેક્નોલોજી અને તબીબી સંશોધન ક્ષેત્રોમાં સહકાર માટે બે લેટર ઓફ ઈન્ટેન્ટ પર હસ્તાક્ષર કર્યા હતા. તેના પર બાયોટેક્નોલોજી વિભાગ અને ભારતીય તબીબી સંશોધન પરિષદ (ICMR) દ્વારા તેમના કોલંબિયાના સમકક્ષો સાથે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

5. વીપી રામિરેઝના આગમન પહેલા, આરોગ્ય અને સામાજિક સુરક્ષા મંત્રી ડૉ. લુઈઝ ફર્નાન્ડો રુઈઝના નેતૃત્વમાં એક બિઝનેસ પ્રતિનિધિમંડળે 27-30 સપ્ટેમ્બરથી પુણે, હૈદરાબાદ અને બેંગલુરુનો પ્રવાસ કર્યો હતો. તેમણે રસીઓ અને ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સના વિકાસમાં સહ-ઉત્પાદન અને ટેક્નોલોજી ટ્રાન્સફરની શોધના ઉદ્દેશ સાથે આ શહેરોમાં શ્રેષ્ઠતા કેન્દ્રો અને ફાર્માસ્યુટિકલ કંપનીઓની મુલાકાત લીધી. તેઓએ ઈસરો સુવિધાઓની પણ મુલાકાત લીધી અને ન્યૂ સ્પેસ ઇન્ડિયા લિમિટેડ (એનએસઆઈએલ) અને હ્યુમન સ્પેસ ફ્લાઈટ સેન્ટર (એચએસએફસી) ના પ્રતિનિધિઓને

મળ્યા હતા..

6. આ બેઠક દરમિયાન, બંને પક્ષોએ ઉચ્ચ સ્તરીય વાતચીતમાં તાજેતરની ગતિને આવકારી હતી અને પારસ્પરિક લાભ માટે ઓળખાતા વિસ્તારોમાં તેમનો સહયોગ વધારવા માટે સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 02, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.